નવસારી જિલ્લાનાં **મુખ્ય સત્ર ન્યાયાલય** સમક્ષ, મુકામ: નવસારી.

**<u>સેશન કેસ નંબર: ૪૬/૨૦૧૫</u>**

| | |
|---|---|
| રજૂ તારીખ | : ૨૮/૦૯/૨૦૧૫ |
| દાખલ તારીખ | : ૨૮/૦૯/૨૦૧૫ |
| ફેંસલ તારીખ | : ૩૦/૦૯/૨૦૧૯ |
| અવધિ | : વર્ષ–માસ– દિન |

**<u>અને</u>**

**<u>સેશન કેસ નંબર: ૫૬/૨૦૧૫</u>**

| | |
|---|---|
| રજૂ તારીખ | : ૧૩/૧૦/૨૦૧૫ |
| દાખલ તારીખ | : ૧૩/૧૦/૨૦૧૫ |
| ફેંસલ તારીખ | : ૩૦/૦૯/૨૦૧૯ |
| અવધિ | : વર્ષ–માસ– દિન |

<u>ફરિયાદી</u>: નામદાર સરકાર.

વિરુદ્ધ

<u>આરોપી</u>: (૧) વિજયો ઉર્ફે વિજો વાલા કાળિયો સારેલ,
રહેવાસીઃ લલીતા ચોકડી પાસે,
ફુટપાથ ઉપર, કતાર ગામ,
મૂળ રહેવાસીઃ ઝારણી ગામ,

કાલીયા ફળિયા, થાના કાકળવાણી,
તા.થાનલા, જિ.જાંબુઆ, (મધ્યપ્રદેશ)

(૨) બીનુ વાલો કાળિયો સારેલ,
રહેવાસીઃ લલીતા ચોકડી પાસે,
ફુટપાથ ઉપર, કતાર ગામ,
મૂળ રહેવાસીઃ ઝારણી ગામ,
પેડાવા ફળિયા, થાના હરીનગર,
તા.થાનલા, જિ.જાંબુઆ, (મધ્યપ્રદેશ)

(૩) સોનિયો યેહોન કાળિયો સારેલ,
રહેવાસીઃ લલીતા ચોકડી પાસે,
ફુટપાથ ઉપર, કતાર ગામ,
મૂળ રહેવાસીઃ ઝારણી ગામ,
પેડાવા ફળિયા, થાના હરીનગર,
તા.થાનલા, જિ.જાંબુઆ, (મધ્યપ્રદેશ)

(૪) રામસિંગ ઉર્ફે ગુરૂ વાલા કાળિયો સારેલ
(કેસ અલગ કરેલ છે.)

(૫) મગનભાઈ ઉર્ફે રમેશભાઈ દીતાભાઈ સંગાડીયા,
રહેવાસીઃ વરાછા, સીમેડા નાકા,
સંતોષભાઈ ગાર્ડનમાં,
મૂળ રહેવાસીઃ કાલીગમો, ગોવાળી પંચાયત,
તા.થાંદલા, જિ.જાંબુઆ, (મધ્યપ્રદેશ)

(૬) શેતાન નાથુ સંગાડીયા,
રહેવાસીઃ ઈનલ ગામ રોડ ફળિયા,
થાના કાકણવાડી, તા.થાંદલા,
જિ.જાંબુઆ, (મધ્યપ્રદેશ)

(૭) રમેશભાઈ કશરૂભાઈ મુનીયા,
રહેવાસીઃ અલીપુરા માળ ફળિયા,
થાના કાકણવાડી, તા.થાંદલા,

(૮) જોસીગ લકસીગ મુનીયા,
રહેવાસીઃ અલીપુરા માળ ફળિયા,
થાના કાકણવાડી, તા.થાંદલા,
જિ.જાંબુઆ, (મધ્યપ્રદેશ)

(૯) જેમાલ દીતો ઓસનીયા,
રહેવાસીઃ પળાદોર ડબળાઈ ફળિયા,
થાના કાકણવાડી, તા.થાંદલા,
જિ.જાંબુઆ, (મધ્યપ્રદેશ)

(૧૦) કમલેશ ધુમસીગ ભુરીયા,
રહેવાસીઃ દેવકા, પીપલીવાણી,
થાના કાકણવાડી,
તા.થાંદલા, જિ.જાંબુઆ, (મધ્યપ્રદેશ)

ફરિયાદી તરફે વિદ્ધાન પી.પી.શ્રી ટી.સી. સુળે

આરોપીઓ તરફે વિદ્ધાન વકીલશ્રી વી.એ. નાયક

ગુનો: ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૩૭, ૩૯૫ અને ૩૯૭, શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ– ૨૫(૧)(ક) તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ– ૧૩૫ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૧૪ અન્વયે.

## ચુકાદો

૧. ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, જિ.નવસારી, તા.જલાલપોરનાં પોસરા ગામે મરોલી ચાર રસ્તા, સમીર નગર વાડામાં આવેલ ફરિયાદી મૌલાના ઈસાક કુરેશીના ઘરમાં લૂંટ કરવાની ટીપ આરોપી નં.૫નાએ આરોપી નં.૧થી ૪ અને નં.૬થી ૧૦નાઓ તથા નાસતા ફરતા આરોપી– (૧) લસુ વેસ્મા ભુરીયા, (૨) રમણ ભુરીયા, (૩) દલુ વસનીયા અને (૪) વજહ વસનીયાનાઓને આપેલી તે આધારે તા.૨૯/૧/૨૦૧૫ની રાત્રિના કલાક ૦૦:૩૦થી ૦૦:૪૫ વાગ્યાના અરસામાં આરોપીઓ તથા નાસતા ફરતા આરોપીઓએ લાયસન્સ વગરનો તમંચો, લોખંડના સળિયા, ઈંટ તથા છુટા પત્થરો

જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરીને એક બીજાને સાથ આપી ફરિયાદી ઈસાકના ઘરના દરવાજાને સદર હથિયારો વડે તોડી ધાડ પાડીને ફરિયાદી ઈસાક તથા શાહેદ મોહમદ હનીફ ઉપર તેઓની શારીરિક સલામતિ ભયમાં મૂકાય તે રીતે પત્થર મારો કરીને શાહેદ મોહમદ હનીફને લોહીલુહાણ કરી મહાવ્યથા પહોંચાડીને ફરિયાદીના ઘરમાંથી સોનાના દાગીનાઓ, રોકડ રકમ તથા મોબાઈલ ફોન મળી કુલ્લે રૂપિયા એકાણુ હજાર પાંચસોની લૂંટ કરેલ તથા હથિયાર બંધીનાં જાહેરનામાંનો ભંગ કરેલ. તે રીતે આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૩૭, ૩૯૫, ૩૯૭ અને શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ– ૨૫(૧)(ક) તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ– ૧૩૫ અન્વયે શિક્ષા પાત્ર ગુના કરેલ છે.

૨. સદર બનાવ અંગે તા.૨૯–૦૧–૨૦૧૫નાં રોજ ફરિયાદી મૌલાના ઈસાક કુરેશીએ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી ડી.એસ. સોની રૂબરૂ ફરિયાદ નોંધાવતાં, તે ફર્સ્ટ ગુના રજિસ્ટર નં.૨૧/૨૦૧૫થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૯૫, ૩૩૭ તથા શસ્ત્ર અધિનિયમની કલમ– ૨૫(૧)(ક) મુજબનો ગુનો પોલીસ સ્ટેશન અમલદારે રજિસ્ટર કરી, તપાસ કરનાર અમલદારે તપાસ સંભાળી તા.૨૯–૦૧–૧૫નાં કલાક ૮:૦૦થી ૯:૦૦ દરમ્યાન પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. ત્યારબાદ તા.૨૯/૩૦–૦૧–૧૫નાં રોજ પંચો રૂબરૂ શકદારોનાં ઘરની ઝડતી તપાસનાં પંચનામાં કરેલા. ત્યારબાદ તા.૦૧–૦૨–૧૫ના કલાક ૧૩:૦૦થી ૧૩:૨૦

વાગ્યા દરમ્યાન પંચો રૂબરૂ ફરિયાદીએ લૂંટમાં ગયેલ મુદામાલ પૈકી સ્કૂલ બેગ સોસાયટીનાં કમ્પાઉન્ડમાં મળેલ હોવાનું શોધી બતાવેલાનું પંચનામું કરેલ છે. ત્યારબાદ તા.૦૧/૦૨–૦૨–૧૫નાં રોજ પંચો રૂબરૂ શકદારોનાં ઘરની ઝડતી તપાસનાં પંચનામાં કરેલા. ત્યારબાદ તા.૦૨–૦૩–૧૫નાં કલાક ૧૮:૩૦થી ૧૯:૦૫ દરમ્યાન પંચો રૂબરૂ આરોપી નં.૧થી ૪નાંઓનાં અટક પંચનામાં કરેલા. બાદ તા.૦૧ –૦૫–૧૫ના કલાક ૧૪:૦૦થી ૧૪:૩૦ દરમ્યાન આરોપી નં.૫નાંને બાતમી આધારે વોચ દરમ્યાન પંચો રૂબરૂ પકડેલાનું પંચનામું કરેલ. તા.૦૪–૦૫–૧૫નાં કલાક ૧૧:૧૦થી ૧૧:૨૦ દરમ્યાન પંચો રૂબરૂ આરોપી નં.૫ ગુનાવાળી જગ્યા બતાવવા સ્વખુશી દર્શાવતાં તે મુજબ પ્રાથમિક પંચનામું કરીને પંચો રૂબરૂ આરોપી નં.૫નાએ બતાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. લાગતા વળગતા શાહેદોના નિવેદનો લીધેલા. આરોપીઓની ઓળખ પરેડ માટે યાદી લખેલી. બાદ તા.૨૬–૦૫–૧૫નાં રોજ કાર્યપાલક મેજિસ્ટ્રેટ – જલાલપોરની સમક્ષ આરોપી નં.૧થી ૪ની ઓળખપરેડ કરાવેલી. ત્યારબાદ તા.૨૩–૦૬–૧૫નાં રોજ કાર્યપાલક મેજિસ્ટ્રેટ – જલાલપોર સમક્ષ આરોપી નં.૫થી ૧૦નાંની ઓળખપરેડ કરાવેલી. મેડીકલ સર્ટિફિકેટ મેળવેલ. અન્ય કામે કરેલા પંચનામાં ગુનામાં સામેલ રાખેલ અને પૂરતા પુરાવા આધારે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૩૭, ૩૯૫, ૩૯૭ અને શસ્ત્ર અધિનિયમની કલમ– ૨૫(૧)(ક) તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ– ૧૩૫ સાથે વાંચતા ભા.દં.સં.ની કલમ– ૧૧૪ મુજબનાં ગુનાનું પ્રથમ ચાર્જશીટ આરોપી નં.(૧)થી

(૪)નાંઓ સામે નવસારીની ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજૂ કરતાં, તેને ફોજદારી કેસ નં.૨૨૨૧/૨૦૧૫થી રજિસ્ટરે લેવામાં આવેલ. ત્યારબાદ બીજું ચાર્જશીટ આરોપી નં.(૫)થી (૧૦)નાંઓ સામે નવસારીની ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજૂ કરતાં, તેને ફોજદારી કેસ નં.૩૦૬૯/૨૦૧૫થી રજિસ્રટે લેવામાં આવેલ અને સદર બંને કેસનાં કામે આરોપીઓને ચાર્જશીટની નકલ પૂરી પાડીને તેઓએ બચાવ માટે વકીલ રોકેલ છે કે કેમ? તેની ખાત્રી કર્યા બાદ સદરહુ બંને ફોજદારી કેસો સેશન ટ્રાયેબલ હોવાના કારણે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૨૦૯ મુજબ કમિટલનો હુકમ કરી અત્રેની સત્ર ન્યાયાલય તરફ ઈન્સાફી કાર્યવાહી માટે મોકલી આપેલા. સદરહુ ફોજદારી કેસ નં.૨૨૨૧/૨૦૧૫નો અત્રેની સત્ર ન્યાયાલયમાં કમિટ થઈને આવતાં, તા.૨૮/૦૯/૨૦૧૫ના રોજ સેશન કેસ નં.૪૬/૨૦૧૫થી રજિસ્ટરે લેવામાં આવેલ તથા સદરહુ ફોજદારી કેસ નં.૩૦૬૯/૨૦૧૫નો અત્રેની સત્ર ન્યાયાલયમાં કમિટ થઈને આવતાં, તા.૧૩/૧૦/૨૦૧૫ના રોજ સેશન કેસ નં.૫૬/૨૦૧૫થી રજિસ્ટરે લેવામાં આવેલ અને તે કામે ફરિયાદ પક્ષે આંક: ૬થી અરજી આપી સદર કામ સેશન કેસ નં.૪૬/૨૦૧૫ સાથે કોન્સોલીડેટ કરી સાથે ચલાવવા અરજ કરતાં, બંને પક્ષોને સાંભળીને આંક: ૬ નીચે તા.૨૪–૦૫–૨૦૧૬નાં રોજ હુકમ કરી સદરહુ બંને કેસો સાથે ચલાવવામાં આવેલ છે. આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આંક: ૧૪થી હેઠળ ઉપરોકત ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપીઓની તે ગુના સબબ

આંક: ૧૫થી ૨૪ હેઠળ પ્લી રેકર્ડ કરતાં, આરોપીઓએ ગુનો કબૂલ હોવાનો ઈન્કાર કરી બચાવ માટે સરકારની મદદ માંગતાં, સરકારી ખર્ચે વકીલશ્રી પૂરા પાડેલ છે. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

૩. ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબનાં મૌખિક પુરાવા રજૂ કરવામાં આવેલ છે:–

| શાહેદ નંબર | સાક્ષીનું નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી મૌલાના ઈશાક કુરેશી, | ૩૦ |
| ૨. | શાહેદ મહંમદહનીફ ઈસાક કુરેશી, | ૩૬ |
| ૩. | પંચ અક્રમખાન શકીલભાઈ ખાન, | ૩૭ |
| ૪. | પંચ રેહાનખાન નાસીરખાન પઠાણ, | ૩૯ |
| ૫. | પંચ ઐયુબખાન અબ્દુલખાન પઠાણ, | ૯૦ |
| ૬. | પંચ રાજુ સુખલાલ પાટીલ, | ૯૨ |
| ૭. | પો.સ.ઈ. વિનોદકુમાર વીજાભાઈ ભોલા, | ૧૩૪ |
| ૮. | સિ.પો.સ.ઈ. દત્તાત્રેય સદાશીવ સોની, | ૧૫૪ |
| ૯. | પંચ નરેશભાઈ લલ્લુભાઈ પટેલ, | ૧૬૮ |
| ૧૦. | પંચ હસન મહમદ ડાભરીયા, | ૧૭૧ |
| ૧૧. | પંચ બંસીભાઈ ભીખાભાઈ પટેલ, | ૧૭૨ |

જયારે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે:–

| | |
|---|---|
| ૧.ફરિયાદ, | આંક: ૩૧ |
| ૨.ગુનાવાળી જગ્યાનું પંચનામું, | આંક: ૩૮ |
| ૩.જગદીશ ઉકા ભરવાડના ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૪૦ |
| ૪.આવેશ આદમ માયાતની ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૪૧ |
| ૫.નિકુંજ પ્રવિણ પટેલનાં ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૪૨ |
| ૬.જયોતિકુમાર રામધની રાજબરની ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૪૩ |
| ૭.માલવ ભૂપેન્દ્ર નાયકના ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૪૪ |
| ૮.સંજય મોહન પટેલના ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૪૫ |
| ૯.બેગ કબજે કરેલ તેનું પંચનામું, | આંક: ૪૬ |
| ૧૦.ઈમરાન અબ્બાસ મુલતાનીના ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૪૭ |
| ૧૧.મનોજ અશોકભાઈ પટેલના ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૪૮ |
| ૧૨.વિરલ રાજુભાઈ ગાધીના ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૪૯ |
| ૧૩.નવીન મોહન નાયકાના ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૫૦ |
| ૧૪.જીતુભાઈ ભીખુભાઈ દેશમુખનાં ઘરની ઝડતીનું પંચનામું, | આંક: ૫૧ |
| ૧૫.ગુનો રજિસ્ટર કરવા માટેની યાદી, | આંક: ૫૨ |
| ૧૬.એફ.એસ.વાન ને ગુનાવાળી જગ્યાએ પધારવા લખેલ યાદી, | આંક: ૫૩ |
| ૧૭.ગુનાવાળા સ્થળે એફ.એસ.વાનની મુલાકાતનો અહેવાલ, | આંક: ૫૪ |
| ૧૮.ગુનાવાળા સ્થળે એફ.એસ.વાનની મુલાકાતનો અહેવાલ, | આંક: ૫૫ |
| ૧૯.મોહમ્મદ હનીફની સારવારનું મેડીકો લીગલ | આંક: ૫૬ |

સર્ટીફિકેટ,

| | |
|---|---|
| ૨૦.મૌલાના ઈશાકની સારવારનું મેડીકો લીગલ સર્ટીફિકેટ, | આંક: ૫૭ |
| ૨૧.કાર્યપાલક મેજિસ્ટ્રેટ, નવસારીનાંએ કરેલ ઓળખ પંચનામાની નકલ, | આંક: ૫૮ |
| ૨૨.આરોપી વિજયને અટક કર્યાનું પંચનામું, | આંક: ૮૧ |
| ૨૩.જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારીનું જાહેરનામું, | આંક: ૮૨ |
| ૨૪.સુરત ડીસીબીએ ૪૧(૧)એ મુજબ કરેલ પંચનામું, | આંક: ૯૧ |
| ૨૫.ઓળખપરેડ યોજવા સંબંધી જલાલપોર કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રીને લખેલ પત્ર, | આંક: ૧૫૫ |
| ૨૬.આરોપીઓની ઓળખપરેડ બાબતેની ચાદી, | આંક: ૧૫૬ |
| ૨૭.કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રીએ ઓળખપરેડ બાબતે લખેલ ચાદી, | આંક: ૧૫૭ |
| ૨૮.ઓળખપરેડની કાર્યવાહીની નોંધ, | આંક: ૧૫૮ |
| ૨૯.આરોપીઓની ઓળખપરેડ માટે લખેલ પત્ર, | આંક: ૧૫૯ |
| ૩૦.કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રીએ ઓળખપરેડ બાબતે લખેલ ચાદી, | આંક: ૧૬૦ |
| ૩૧.કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રીએ ઓળખપરેડ બાબતે લખેલ ચાદી, | આંક: ૧૬૧ |
| ૩૨.કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રીને ઓળખપરેડ બાબતે લખેલ પત્ર, | આંક: ૧૬૨ |
| ૩૩.ઓળખપરેડની કાર્યવાહીની નોંધ, | આંક: ૧૬૩ |
| ૩૪.આરોપી મગન સંગાડીચાને અટક કર્યાનું પંચનામું, | આંક: ૧૬૯ |
| ૩૫.ભા.પુ.અ.ની કલમ– ૨૭ મુજબનું પંચનામું, | આંક: ૧૭૦ |

ફરિયાદ પક્ષ તરફે આંક: ૧૮૭થી શાહેદો ડ્રોપ કર્યાનું પુરસીસ તથા આંક: ૧૮૮થી પુરાવા બંધનું પુરસીસ રજૂ કરવામાં આવેલ છે.

૪. આ કામે ફરિયાદ પક્ષે આંક: ૨૦૦થી અરજી આપી આરોપી નં.૨ અને ૪ નો કેસ અલગ કરી કામ આગળ ચલાવવા વિનંતી કરતાં, પક્ષકારોને સાંભળીને આરોપી નં.૨ અને ૪ પૂરતો કેસ અલગ કરવાનો હુકમ તા.૦૫–૦૮–૧૯નાં રોજ કરીને અન્ય આરોપીઓ સામે કેસની ઈન્સાફી કાર્યવાળી આગળ ચલાવેલ છે. બાદ આરોપી તરફે આંક: ૨૦૨થી આરોપી નં.૨ સામેનો કેસ જે અલગ કરેલો છે તે સાથે ચલાવવા બાબતે અરજી આપતાં, બંને પક્ષકારોને સાંભળીને તા.૨૭–૦૮–૧૯નાં રોજ હુકમ કરી અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૨ સામે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવેલ છે. તે રીતે આરોપી નં.૪ પૂરતો કેસ અલગ કરી અન્ય આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવેલી.

૫. આ કામે આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેતાં, આરોપીઓએ ફરિયાદ પક્ષનાં પુરાવાનો ઈન્કાર કરી પોતે આ ગુનામાં નિર્દોષ છે, તેવું જણાવેલ છે.

૬. ફરિયાદ પક્ષ તરફે પી.પી.શ્રી ટી.સી. સુળેએ રજૂઆત કરેલ છે કે, આ કામનાં ફરિયાદી મૌલાના ઈશાક કુરેશીને ત્યાં આરોપીઓએ ધાડ પાડેલ છે અને ફરિયાદી તથા શાહેદોને ઈજા પહોંચાડેલ છે. બાતમીને આધારે પોલીસે આરોપી વિજય સારેલ, સોનીયો સારેલ, રામસીંગ ઉર્ફે ધીરુ સારેલ અને બીન્દુ સારેલને પકડેલા અને તેઓએ સદર

ધાડનાં ગુનાની કબૂલાત કરેલ છે. ત્યારબાદ અન્ય આરોપીઓ આ ગુનાનાં કામે મળી આવતાં પોલીસે ઓળખપરેડનું પંચનામું કરી આરોપીઓને આ ગુનાનાં કામે અટક કરેલ છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ પણ ફરિયાદી તથા શાહેદનાંઓએ આરોપીઓને ઓળખી બતાવેલ છે. તેથી આ કામનાં આરોપીઓની ઓળખ પુરવાર થયેલ હોઈ, ફરિયાદી તથા શાહેદોની જુબાનીથી ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન મળે છે. તપાસ કરનાર અમલદારે પણ યોગ્ય રીતે તપાસ કરેલ છે. તે તમામ હકીકત ફરિયાદી તથા શાહેદનાં પુરાવાથી પુરવાર થતી હોઈ, આરોપીઓને તકસીરવાર ઠરાવવા ભારપૂર્વક રજૂઆત કરેલ છે.

૭. બચાવ પક્ષ તરફે તેઓના વિદ્વાન વકીલશ્રી વી.એ. નાયકે રજૂઆત કરેલ છે કે, ફરિયાદીની ફરિયાદ વંચાણે લેતાં, બનાવ રાત્રિનાં સમયે બનેલ છે. તે સમયે અંધારુ હતુ. ધાડ પાડનાર ઈસમોએ બુકાની બાંધેલી હતી. તેથી બનાવ વખતે ફરિયાદી તથા શાહેદોએ ધાડ પાડનાર ઈસમોને જોયેલ નથી. તેમજ ફરિયાદમાં પણ આરોપીઓનું કોઈ વર્ણન લખાવેલ નથી. તેથી ઓળખપરેડનાં પંચનામાંની રૂએ આરોપીઓને ઓળખી બતાવેલાનું માની શકાય નહિ. તેમજ ઓળખ પરેડનાં પંચનામાનાં પંચોએ પણ ફરિયાદ પક્ષને સમર્થન આપેલ નથી. તેમજ ફરિયાદી અને શાહેદોનાં પુરાવાથી બનાવ સમયે અંધારું હતું. તેથી જે તે સમયે ધાડ કરનાર ઈસમોને જોયેલા નથી. ત્યારે માત્ર ઓળખપરેડનાં આધારે હાલનાં આરોપીઓને આ કેસમાં તકસીરવાર

ઠરાવી શકાય નહિ. આ કામે ધાડનો મુદામાલ રીકવર થયેલ નથી. તેથી ફરિયાદ પક્ષ તેમનો કેસ શંકારહિત સાબિત કરી શકેલ નથી. ત્યારે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

૮. આ કેસના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ–

**મુદ્દા**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, જિ.નવસારી, તા.જલાલપોરનાં પોસરા ગામે મરોલી ચાર રસ્તા, સમીર નગર વાડામાં આવેલ ફરિયાદી મૌલાના ઈસાક કુરેશીના ઘરમાં લૂંટ કરવાની ટીપ આરોપી નં.પનાએ આરોપી નં.૧થી ૪ અને નં.૬થી ૧૦નાઓ તથા નાસતા ફરતા આરોપી– (૧) લસુ વેસ્મા ભુરીયા, (૨) રમણ ભુરીયા, (૩) દલુ વસનીયા અને (૪) વજહ વસનીયાનાઓને આપેલી તે આધારે તા.૨૯/૧/૨૦૧૫ની રાત્રિના કલાક ૦૦:૩૦થી ૦૦:૪૫ વાગ્યાના અરસામાં આરોપીઓ તથા નાસતા ફરતા આરોપીઓએ લાયસન્સ વગરનો તમંચો, લોખંડના સળિયા, ઈંટ તથા છુટા પત્થરો જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરીને એક બીજાને સાથ આપી ફરિયાદી ઈસાકના ઘરના દરવાજાને સદર હથિયારો વડે તોડી ધાડ પાડીને ફરિયાદી ઈસાક તથા શાહેદ મોહમદ હનીફ ઉપર તેઓની શારીરિક સલામતિ ભયમાં મૂકાય તે રીતે પત્થર મારો કરીને શાહેદ

મોહમદ હનીફને લોહીલુહાણ કરી મહાવ્યથા પહોંચાડીને ફરિયાદીના ઘરમાંથી સોનાના દાગીનાઓ, રોકડ રકમ તથા મોબાઈલ ફોન મળી કુલ્લે રૂપિયા એકાણુ હજાર પાંચસોની લૂંટ કરીને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૩૭, ૩૯૫, ૩૯૭ અને શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ– ૨૫(૧)(ક) અન્વયે શિક્ષા પાત્ર ગુના કરેલ છે?

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે નવસારીનાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ– ૩૭ અન્વયે ફરમાવેલ જાહેરનામું અમલમાં હોવા છતાં આરોપીઓએ જાહેરમાં પ્રાણઘાતક હથિયાર લોખંડના સળિયા અને તમંચો ધારણ કરીને સદરહુ જાહેરનામાંનો ભંગ કરીને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ– ૧૩૫ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

૩. શું હુકમ?

૯. આ કામે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા આધારે ઉપરોકત મુદ્દાઓનાં જવાબો નીચે મુજબ આપેલા છે અને તેનાં કારણો ત્યાર પછી જણાવેલા છે:–

૧. નકારાત્મક.

૨. નકારાત્મક.

૩. અંતિમ હુકમ મુજબ.

**: <u>કારણો</u> :**

**<u>મુદ્દા નં.૧થી ૨ સંયુકત</u>:-**

૧૦. આ કામે ફરિયાદ પક્ષની ફરિયાદ હકીકત વંચાણે લેતાં, જિ.નવસારી, તા.જલાલપોરનાં પોસરા ગામે મરોલી ચાર રસ્તા, સમીર નગર વાડામાં આવેલ ફરિયાદી મૌલાના ઈસાક કુરેશીના ઘરમાં લૂંટ કરવાની ટીપ આરોપી નં.પનાએ આરોપી નં.૧થી ૪ અને નં.૬થી ૧૦નાઓ તથા નાસતા ફરતા આરોપી- (૧) લસુ વેસ્મા ભુરીયા, (૨) રમણ ભુરીયા, (૩) દલુ વસનીયા અને (૪) વજહ વસનીયાનાઓને આપેલી તે આધારે તા.૨૯/૧/૨૦૧૫ની રાત્રિના કલાક ૦૦:૩૦થી ૦૦:૪૫ વાગ્યાના અરસામાં આરોપીઓ તથા નાસતા ફરતા આરોપીઓએ લાયસન્સ વગરનો તમંચો, લોખંડના સળિયા, ઈંટ તથા છુટા પત્થરો જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરીને એક બીજાને સાથ આપી ફરિયાદી ઈસાકના ઘરના દરવાજાને સદર હથિયારો વડે તોડી ધાડ પાડીને ફરિયાદી ઈસાક તથા શાહેદ મોહમદ હનીફ ઉપર તેઓની શારીરિક સલામતિ ભયમાં મૂકાય તે રીતે પથ્થર મારો કરીને શાહેદ મોહમદ હનીફને લોહીલુહાણ કરી મહાવ્યથા પહોંચાડીને ફરિયાદીના ઘરમાંથી સોનાના દાગીનાઓ, રોકડ રકમ તથા મોબાઈલ ફોન મળી કુલ્લે રૂપિયા એકાણુ હજાર પાંચસોની લૂંટ કરીને તથા હથિયાર બંધીનાં જાહેરનામાંનો ભંગ કરીને ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૩૭, ૩૯૫,

૩૯૭ અને શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ– ૨૫(૧)(ક) તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ– ૧૩૫ અન્વયે શિક્ષા પાત્ર ગુના કરેલા હોવાનો આક્ષેપ છે.

૧૧. આરોપીઓ સામે આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે કુલ ૧૧ શાહેદોને તપાસેલ છે. જે પુરાવો તપાસીએ તો, શાહેદ નં.૧ તરીકે ફરિયાદી મૌલાના ઈશાક કુરેશીને આંક: ૩૦થી તપાસેલ છે. તેઓએ પુરાવો આપેલ છે કે, તા.૨૯–૧૦–૧૫ના રાત્રિનાં સાડા બાર વાગ્યે દરવાજો તોડીને આશરે નવેક જણા ચોર લોકો મોઢા ઉપર બાંધીને ઘરમાં આવી ગયેલા અને એ લોકો પાસે લોખંડના જાડા સળિયા હતા, દેશી તમંચો પણ હતો, ત્રિકમ હતી, મોટા ઘાણ હતા, તેઓને માથામાં પથ્થરો મારેલા, તેઓની ઘરવાળીને મોઢા ઉપર સળિયા તથા લાકડાથી મારેલ, તેઓના છોકરા ગુલાબ સાબીરને છાતી પર ડાબી બાજુ પથ્થર મારેલ અને મોટા છોકરા મહંમદ હનીફને માથાના ભાગે ફટકા મારેલા અને ઘરમાં કબાટ તોડી, પેટી પલંગ સેટ્ટી ખોલી બધો સામાન વેરવિખેર કરી રોકડા પૈસા, કાનની બુટ્ટી, નાકની જડ, બે વીંટી, બે હેન્ડ બેગ લઈ ગયેલા. બનાવની ફરિયાદ તેઓએ આપેલી તે આંક: ૩૧થી રજૂ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીઓને કોર્ટમાં ઓળખી શકે નહિ. બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ ફરિયાદીએ કબૂલ રાખેલ છે કે, બનાવ વખતે લાઈટ તોડી નાંખેલી એટલે અંધારુ હતું.

૧૨. આ કામે શાહેદ નં.૨ તરીકે શાહેદ મહંમદહનીફ ઈસાક કુરેશીને આંક: ૩૬થી તપાસેલ છે. તેઓએ સોગંદ ઉપર જણાવેલ છે કે, તા.૨૮–૦૧

–૧૫ના રોજ રાત્રિના સાડાબારથી એકના ગાળામાં આઠથી દસ ધાડપાડુઓ દરવાજો તોડીને ઘરમાં આવી ગયેલા અને તેઓને માથામાં પથ્થર અને લાકડાથી મારેલુ, તેઓના પપ્પાને માથાના ભાગે પથ્થર મારેલો, તેઓના ભાઈને છાતીના ભાગે મારેલુ અને ઘરમાંથી સોનાના દાગીના તથા રૂપિયા લૂંટી ગયેલા, ફરિયાદ તેઓના પપ્પાએ આપેલી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, મામલતદાર ઓફિસમાં આરોપીની ઓળખ માટે તેઓને બોલાવેલા ત્યાં તેઓએ આરોપીઓને ઓળખી બતાવેલા નહિ. કોર્ટમાં હાજર આરોપીઓને તેઓ ઓળખી શકે નહિ.

૧૩. સિનિયર પો.સ.ઈ.શ્રી દત્તાત્રેય સદાશીવ સોનીએ આંક: ૧૫૪થી એવો પુરાવો આપેલ છે કે, તા.૨૮–૦૧–૨૦૧૫ના રોજ રાત્રિના સમયે ૦૦:૦૦ વાગ્યે એટલે તા.૨૯–૧–૧૫ની શરૂઆત દરમ્યાન પી.એસ.ઓ.નો ફોન આવેલ કે, મરોલી ચાર રસ્તા પાસે આવેલ રહેણાંક મકાનમાં ધાડ પડી છે, જેથી તેઓ સરકારી વાહનમાં પોલીસના માણસો સાથે બનાવવાળા સ્થળે પહોંચેલ, ત્યાં મૌલાના ઈશાક સાબીર કુરેશી, રીજવાના, ગુલામહુસેન લોહીલુહાણ હાલતમાં હતા અને મુખ્ય દરવાજો હથિયાર વડે બળ વાપરી તોડી નાંખેલો જણાયેલ, ઘરનો સરસામાન વિખરાયેલ હતો અને ઘરમાં છુટા પત્થરો ફેંકેલા પડેલા. આ ત.ક. અમલદારે વધુમાં પુરાવો આપેલ છે કે, મૌલાના ઈશાકે તેઓની રૂબરૂ ફરિયાદ જાહેર કરતાં તે તેમના લખાવ્યા મુજબની તેઓએ લખી લીધેલી તે આંક: ૩૧વાળી ફરિયાદ છે અને આંક: ૫૨વાળી યાદીથી પોલીસ સ્ટેશને ગુનો રજિસ્ટર

કરાવી તપાસ તેઓએ સંભાળી લઈ, નિવેદનો નોંધેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામું બે પંચોની હાજરીમાં કરેલુ, આંક: ૫૩વાળી યાદીની સ્થળપ્રતથી મોબાઈલ એફ.એસ.એલ. વાન, ડોક સ્કવોડ અને ફીંગર પ્રિન્ટ બોલાવવા યાદી કરેલ, જરૂરી વાયરલેસ મેસેજ કરેલ, શકદારના ઘરની ઝડતી તપાસ કરેલ, આંક: ૩૮, ૪૦ અને ૪૧વાળા પંચનામાં પંચોની હાજરીમાં તેઓએ કરેલા, મુદ્દામાલ સ્થળ ઉપરથી કબજે કરેલ તે જ છે. બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ ત.ક.અમલદારે કબૂલ રાખેલ છે કે, ફરિયાદમાં ફરિયાદીએ આરોપીઓની શરીરસ્થિતિ બાબતે તેમનો શારીરિક બાંધો કે વર્ણન લખાવેલ નથી.

૧૪. આ કામે શાહેદ નં.૭ તરીકે પો.સ.ઈ. વિનોદકુમાર વીજાભાઈ ભોલાને આંક: ૧૩૪થી તપાસેલ છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓ સુરત શહેર ક્રાઈમ બ્રાંચમાં ફરજ પર હતા ત્યારે તા.૭-૨-૧૫ના રોજ પેટ્રોલીંગ દરમ્યાન સાથેના પો.કો. હિતેશસિંહ અને પો.કો. ભરતસિંહનાઓને મળેલ બાતમીની તેઓએ તાત્કાલિક પો.સ.ઈ. હળવદીયાને જાણ કરેલ અને બે પંચોના માણસો બોલાવવા સૂચના આપી, ટીમ સાથે ખાનગી વાહનમાં પુણા ગંગા હોટલ પાસે ગયેલા અને ત્યાં પો.સ.ઈ.શ્રી હળવદીયા મળેલા અને પો.કો.ભરતસિંહ બે પંચો- ૧) રજુભાઈ પટીલ અને ૨) ઐયુબખાન પઠાણનાઓને લઈ આવેલા, તેઓએ તમામને બાતમી હકીકતથી માહિતગાર કરેલા અને એક બીજાની અંગઝડતી કરેલી. આ પો.સ.ઈ.એ વધુમાં એવો પુરાવો આપેલ છે કે, બાતમીવાળી જગ્યા ઓવર બ્રીજ નીચે કેનાલની

બાજુમાં આવેલા ત્યાં થોડી વારમાં બાતમી હકીકતવાળી મોટર સાયકલ ઉપર બે ઈસમો આવેલા અને ચાલતા ચાલતા બીજા બે ઈસમો આવીને વાતચીત કરવા લાગેલા. તેથી તેઓએ ટીમના માણસો સાથે કોર્ડન કરી પકડી પાડીને તે ઈસમોનાં નામ ઠામ પૂછતાં, મોટર સાયકલ ચાલકે તેનુ નામ વિજયો સારેલ, તેની પાછળ બેસેલ ઈસમે તેનું નામ સુનીયો સારેલ, બીજા બે ચાલતા આવેલા ઈસમોએ તેમનુ નામ રામસીંગ ઉર્ફે ધીરુ સારેલ અને બીન્દુ સારેલ જણાવેલ, તે ઈસમોને બાતમી હકીકતે પૂછપરછ કરેલી, તે ઈસમોએ સુરત ઈચ્છાપોર પોલીસ સ્ટેશનનો અને નવસારી રૂરલ પોલીસ સ્ટેશન મરોલી ખાતેનો ધાડનો ગુનો કબૂલ કરેલો. વધુમાં, આ પો.સ.ઈ.એ એવો પુરાવો આપેલ છે કે, તે ઈસમોને ડીસીબી પોલીસ સ્ટેશને લાવી ૪૧(૧)એ મુજબ અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલી, તેઓએ નવસારી રૂરલ પોલીસને જાણ કરેલી, આંક: ૯૧વાળુ પંચનામું પંચોએ લખાવ્યા મુજબ તેઓએ લખેલ તે છે તેમાં તેઓની તથા બંને પંચોની સહીઓ છે. બચાવ પક્ષની ઉલટ તપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓને તેઓ કે તેઓના પોલીસના માણસો અગાઉથી ઓળખતા ન હતા, જે જગ્યાએથી આરોપીઓને અટક કરવામાં આવેલા તે જાહેર જગ્યા છે.

૧૫. આ કામે પંચ અક્રમખાન શકીલભાઈ ખાને આંક: ૩૭થી તથા પંચ રેહાનખાન નાસીરખાન પઠાણે આંક: ૩૯થી આપેલ પુરાવામાં, આંક: ૩૮નાં પંચનામાંમાં અનુક્રમે પંચ નં.૧ તથા પંચ નં.૨ તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. તે સિવાય તેઓએ સદર આંક: ૩૮નાં

પંચનામાંની હકીકતને બિલકુલ સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં સદર આંક: ૩૮નાં પંચનામાંને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આમ, આંક: ૩૮નાં પંચનામાંને સમર્થન મળતું નથી.

૧૬. પંચ ઐયુબખાન અબ્દુલખાન પઠાણે આંક: ૯૦થી તથા પંચ રાજુ સુખલાલ પાટીલે આંક: ૯૨થી આપેલ પુરાવામાં, આંક: ૯૧નાં પંચનામાંમાં અનુક્રમે પંચ નં.૧ તથા પંચ નં.૨ તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. તે સિવાય તેઓએ સદર આંક: ૯૧નાં પંચનામાંની હકીકતને બિલકુલ સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં સદર આંક: ૯૧નાં પંચનામાંને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આમ, આંક: ૯૧નાં પંચનામાંને સમર્થન મળતું નથી.

૧૭. પંચ નરેશભાઈ લલ્લુભાઈ પટેલે આંક: ૧૬૮થી તથા પંચ હસન મહમદ ડાભરીયાએ આંક: ૧૭૧થી આપેલ પુરાવામાં, આંક: ૧૬૯નાં પંચનામાંમાં અનુક્રમે પંચ નં.૧ તથા પંચ નં.૨ તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. તે સિવાય તેઓએ સદર આંક: ૧૬૯નાં પંચનામાંની હકીકતને બિલકુલ સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં સદર આંક: ૧૬૯નાં પંચનામાંને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આમ, આંક: ૧૬૯નાં પંચનામાંને સમર્થન મળતું નથી.

૧૮. પંચ નરેશભાઈ લલ્લુભાઈ પટેલે આંક: ૧૬૮થી તથા પંચ બંસીભાઈ ભીખાભાઈ પટેલે આંક: ૧૭૨થી આપેલ પુરાવામાં, આંક: ૧૭૦નાં પંચનામાંમાં અનુક્રમે પંચ નં.૧ તથા પંચ નં.૨ તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. તે સિવાય તેઓએ સદર આંક: ૧૭૦નાં પંચનામાંની હકીકતને બિલકુલ સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં સદર આંક: ૧૭૦નાં પંચનામાંને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આમ, આંક: ૧૭૦નાં પંચનામાંની હકીકતને સમર્થન મળતું નથી.

૧૯. આમ, ફરિયાદ પક્ષનો ઉપરોકત સમગ્ર પુરાવો વંચાણમાં લેતાં, આ કામનાં ફરિયાદી મૌલાના ઈશાક કુરેશીનાઓએ સિનિયર પો.સ.ઈ. દત્તાત્રેય સદાશીવ સોની રૂબરૂ ફરિયાદ નોંધાવેલી છે. તે ફરિયાદને આંક: ૫૨ વાળી યાદીથી ગુનો રજિસ્ટર કરાવેલ છે. ત્યારબાદ સિ.પો.સ.ઈ.શ્રીએ ગુનાની તપાસ કરેલ છે તેમાં આંક: ૩૮, ૪૦ અને ૪૧ વાળા પંચનામાંઓ કરેલા, પરંતુ સદર પંચનામાંને પંચોની જુબાનીથી સમર્થન મળેલ નથી. આ કામે પો.સ.ઈ. વિનોદકુમાર વીજાભાઈ ભોલાએ બાતમીને આધારે પંચોની હાજરીમાં આરોપી વિજયો સારેલ, આરોપી સુનીયો સારેલ, આરોપી રામસીંગ ઉર્ફે ધીરુ સારેલ અને આરોપી બિન્દુ સારેલ નાંઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૪૧(૧)એ મુજબ અટક કરેલ અને તેનું પંચનામું આંક: ૯૧નું કરેલ છે. પરંતુ સદર પંચનામાંને પંચોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત નથી. આ કામે ફરિયાદી મૌલાના ઈશાક નો પુરાવો લક્ષમાં લેતાં,

તેઓએ તેમની ફરિયાદને સમર્થન આપતી જુબાની આપેલી છે. તેમનાં ઘરમાં ધાડ પાડીને લૂંટ કરેલ અને ઈજા પહોંચાડેલાનું જણાવેલ છે, પરંતુ બનાવ વખતે લાઈટ તોડી નાંખેલી એટલે અંધારું હતું અને આરોપીઓને કોર્ટમાં ઓળખી શકે નહિ તેમ જણાવેલ છે. શાહેદ મહંમદહનીફની જુબાનીથી પણ તેમનાં ઘરે ધાડ પાડેલ અને ઈજા પહોંચાડેલાની હકીકત જણાવેલ છે, પરંતુ તેઓએ આરોપીઓને ઓળખી બતાવેલ નથી અને આરોપીઓને ઓળખી શકે નહિ તેવું તેમની જુબાનીમાં જણાવેલ છે.

હવે આ કામે આરોપીઓની ઓળખપરેડનાં પંચનામાંને બચાવ પક્ષની સંમિતથી આંક: ૧૫૮ અને ૧૬૩થી દાખલ કરેલ છે. તેથી તે ધ્યાને લઈએ તો, સદર પંચનામાંઓમાં દર્શાવ્યા મુજબ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની સમક્ષ પંચોની રૂબરૂમાં ફરિયાદી–શાહેદોએ કોઈ આરોપીઓને ઓળખી બતાવેલ નથી. ત્યારે સદર પંચનામા ઉપર આધાર રાખી શકાય નહિ. આગળની તપાસ કરનાર અમલદારશ્રી ડી.એસ. કોરાટને તપાસેલ નથી. તેમ છતાં ફરિયાદ પક્ષનાં સમગ્ર પુરાવાને આધારે આરોપીઓ જ ધાડનાં ગુનામાં સંડોવાયેલ હોય અને ફરિયાદી અને શાહેદોને ઈજા પહોંચાડેલ હોય તેવું શંકારહિત સાબિત થયેલ ન હોઈ, મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે.

૨૦. વધુમાં, આ કામે બનાવ તારીખે, સમયે અને સ્થળે નવસારીનાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ થઈને અમલમાં હતુ તેવું પણ ફરિયાદ પક્ષે પુરવાર કરીને પુરાવામાં રજૂ કરેલ નથી. તેથી આરોપીઓએ હથિયાર બંધીનાં જાહેરનામાંનો ભંગ કરેલ હોય તેવી હકીકત પણ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં.૨નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે અને તેવા સંજોગોમાં, મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત જણાય છે:-

## હુકમ

૧. આરોપી નં.(૧) વિજય ઉર્ફે વિજો વાલા કાળિયો સારેલ, (૨) બીનુ વાલો કાળિયો સારેલ, (૩) સોનિયો ચેહોન કાળિયો સારેલ, (૫) મગનભાઈ ઉર્ફે રમેશભાઈ દીતાભાઈ સંગાડીયા, (૬) શેતાન નાથુ સંગાડીયા, (૭) રમેશભાઈ કશરૂભાઈ મુનીયા, (૮) જોસીંગ લકસીંગ મુનીયા, (૯) જેમાલ દીતો ઓસનીયા અને (૧૦) કમલેશ ધુમસીંગ ભુરીયા નાંઓને નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિસ્ટર નં.૨૧/૨૦૧૫નાં કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ- ૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૩૭, ૩૯૫, ૩૯૭ અને શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ- ૨૫(૧)(ક) સાથે વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૧૩૫ મુજબનાં ગુનામાં નિર્દોષ ઠરાવવામાં આવે છે.

૨. જે આરોપીઓ ન્યાયિક હવાલાતમાં હોય તેઓની અન્ય ગુનાનાં કામે જરૂરત ન હોય તો તેઓને આ ગુનામાં તાત્કાલિક જેલમુકત કરવાં.

૩. આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭–એ મુજબ નામદાર વડી અદાલતમાં અપીલ થાય તો ત્યાં હાજર રહેવા માટે પ્રત્યેકનાં રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર)નાં જામીન આપવાં.

૪. સેશન કેસ નં.૫૬/૨૦૧૫નાં કામે આંક: ૬ હેઠળ કરેલ હુકમ મુજબ સેશન કેસ નં.૫૬/૨૦૧૫ની ઈન્સાફી કાર્યવાહી સેશન કેસ નં.૪૬/૨૦૧૫ની સાથે ચલાવવામાં આવેલ. આરોપીઓનાં વિશેષ નિવેદન નોંધવાનાં તબક્કે આરોપી નં.૨ અને ૪નાંઓ હાજર નહિ રહેતા હોઈ, આંક: ૨૦૦ હેઠળ કરેલ હુકમ મુજબ આરોપી નં.૨ અને ૪ પૂરતો કેસ અલગ કરવામાં આવેલ, પરંતુ બાદ આરોપી નં.૨ હાજર થતા આંક: ૨૦૨ હેઠળ કરેલ હુકમ મુજબ આરોપી નં.૨ નો કેસ આગળ ચલાવેલ. તે રીતે આરોપી નં.૪ યાને સેશન કેસ નં.૪૬/૨૦૧૫નાં આરોપી નં.૪ રામસિંગ ઉર્ફે ગુરૂ વાલા કોળિયો સારેલ પૂરતો કેસ અલગ કરવામાં આવેલ છે અને તે મળી આવ્યેથી તેના પૂરતો કેસ અલગ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

૫. અન્ય આરોપી નાસતા ફરતા હોઈ, મુદ્દામાલ યથાવત પરિસ્થિતિમાં જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજ તા.૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(ભાનુભાઈ નાનજીભાઈ મકવાણા)**
**મુખ્ય સત્ર ન્યાયાધીશ–નવસારી.**
કોડ નં.જીજે૦૦૩૧૯

સંરદ